જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૧/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૦૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી ૯૯૩ લીટર દેશી દારૂ, ૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૨૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૦૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૫ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૨૦૯/૧૬

**અમરાઇવાડી** : સંતોષભાઇ રામરુપ જૈસ્વાલ (ઉ.વ.૩૩)(રહે,રામકૃષ્ણનગર સંગીતા ટ્રેડીની બાજુમાં સત્યમનગર અમરાઇવાડી) એ તા.૨૮/૧૧/૧૬ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૦૯ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી દેવાંગ ભાસ્કરરાય ભટ્ટએ સંતોષભાઇને ઓડાના મકાન અપાવવાનુ કહી, મકાનના કુલ રૂપીયા ૧૧,૦૦,૦૦૦/- મેળવી લઈ તેમજ ઓડાનું મકાન નહિં અપાવી તેમજ રૂપિયા પરત નહિં કરી, સંતોષભાઇ સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૧૦/૧૬

**સોલા હાઇકોર્ટઃ** પ્રગ્નાબેન ડો/ઓ નવીનગીરી શીવગીરી ગોસ્વામી (રહે, સેક્ટર-૪ ચાણક્યપુરી) એ તા.૨૮/૧૧/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૧૬ રાતના ૧૦/૦૦ થી તા.૨૮/૧૧/૧૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના તથા રોકડા રૂપિયા ૨૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેધાણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી:-** **સમાચાર યાદી નં.૨૨૧૧/૧૬**

**સેટેલાઇટ** : રમીઝભાઇ અબ્દુલઅહેમાન મેમણ (ઉ.વ.૨૬)(રહે, રૈયાન ફ્લેટ મોમીન પાર્ક, રિઝવાન ફ્લેટની સામે, સમા સોસાયટીની સામે, જુહાપુરા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૧૬ ના કલાક ૮/૩૦ થી ૧૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન સેટેલાઇટ શ્યામલ ચાર રસ્તા પાસે આવેલ "ડી" માર્ટના ગોડાઉનના લંચ એરિયાની જગ્યામાં રમીઝભાઇએ કાપડની થેલીમાં રૂપીયા ૧,૨૮,૫૦૦/- જેટલી રોકડ મુકી, આ થેલી સ્ટોરના સ્ટોંગરૂમમાં મુકેલ. ત્યારબાદ તેની જાણ મેસેજથી સાજીદભાઇને કરેલ. જે થેલી સાજીદભાઇએ લંચ એરિયામાં મુકેલ અને આ થેલી લંચ એરીયામાંથી સિકયુરિટીવાળો થેલીઓ (તેની ફરજના ભાગ રૂપે) મેઇન ગેટ પાસે લઈ ગયેલ ત્યારબાદ થેલીમાં તપાસ કરતા રૂપિયા જણાયેલ નહી. જે રૂપિયાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિંહ બાલસિંહ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૨૧૨/૧૬**

**દાણીલીમડા** : વસંતભાઇ  ભીખાભાઇ વાળા (રહે.ગુપ્તાનગર મુરલી પાન પાર્લરની પાછળ, સરખેજ રોડ) તા.૨૮/૧૧/૧૬ રાતનાં ૮/૩૦ વાગ્યાનાં સુમારે દાણીલીમડા ગંગનાથ સોસાયટીની સામે પરીક્ષીતલાલ નગર  ડીસ્કો પાન પાર્લર આગળથી પોતાની પત્ની સાથે પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વસંતભાઇની પત્નીનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૭,૫૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વસંતભાઇ વાળાએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

**શાહીબાગ** : કૈલાશબહેન પ્રવિણભાઇ પટેલ (ઉ.વ.૫૦)(રહે, અનમોલ બંગલો બ્રહ્મકુમારી સામે મીરા સર્કલની બાજુમાં શાહીબાગ) તા.૨૮/૧૧/૧૬ બપોરનાં ૨/૪૫ વાગ્યાનાં સુમારે વિઠ્ઠલનગર ચાર રસ્તા આગળ, ધાભરનગર સોસાયટી, નંબર-૪ ના ગેટ આગળ કૈલાશબહેન ચાલતા જતા હતા તે દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કૈલાશબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૈલાશબહેન પટેલે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

**વાહન ચોરી:-** **સમાચાર યાદી નં.૨૨૧૩/૧૬**

**સોલા હાઇકોર્ટ** : અમિતાબેન ઉદયનભાઇ શાહ (રહે,ગુરુકૃપા પાર્ક, સ્ટ્રલીંગ હોસ્પિટલની પાછળ મેમનગર) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાનાં સુમારે સોલા સાયન્સ સીટી રોડ, હેતાર્થ પાર્ટી પ્લોટની આગળ પોતાની સેંટ્રો કાર નંબર.જીજે-૧-એચ.એફ -૩૨૫૬ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નારણપુરા** : નવીનચંન્દ્ર ધીરજલાલ પટેલ (રહે,રત્નમ બંગ્લોઝ બી.આર.પાર્કની બાજુમાં સોલા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૧૬ ના કલાક ૪/૦૦ થી તા.૨૭/૧૧/૧૬ નાં કલાક ૯/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન શાસ્ત્રીનગર, હેપ્પી હોમ એપાર્ટમેન્ટ આગળના પાર્કિંગમાં પોતાની ઇનોવા ગાડી નંબર જીજે.૦૧.કે.સી.૫૫૮૩ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- અને (૨) નિશાંત સન્ની કંપનીની ગાડી નંબર જીજે.૦૧.ડી.ઝેડ.૫૪૨૯ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)